કેસ રજુ તારીખ – ૧૭/૦૬/૨૦૦૫
કેસ દાખલ તારીખ – ૧૭/૦૬/૨૦૦૫
કેસ ફેસલ તારીખ – ૨૦/૦૮/૨૦૧૯
સમય ગાળો –
વર્ષ માસ દિવસ

---

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૩માં, મુ. અમદાવાદ.**

---

**ક્રીમી.કેસ નં. ૨૩૭૦/૨૦૦૫**
**આંક– ૧૦૭**

ફરિયાદી – નામદાર સરકારશ્રી

વિરુધ્ધઃ

આરોપી – શૈલેષભાઇ સાધુભાઇ જયસ્વાલ,
રહેવાસી– સી – ૨૧, કૌશલ એપાર્ટમેન્ટ, શાહિબાગ,
અમદાવાદ.

**<u>ગુન્હોઃ–</u>** ધી ઇ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ

---

**ફરિયાદ પક્ષે એ.પી.પી.શ્રી કુ. જાની**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી રસિક પટેલ**

---

**–: <u>ચુકાદો</u> :–**

(૧) હાલના કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની આઇ.સી.આઇ.સી.આઇ. બેંક સીકારવન ખાતેથી તા. ૧૩/૦૮/૨૦૦૧ તથા તા. ૧૧/૦૨/૨૦૦૪ ના રોજ અલગ અલગ અરજીઓ આપી પોતે

અગાઉ ક્રેડિટ કાર્ડ ધરાવતો હોવા છતાં ધરાવતો નથી તેવી ખોટી હકીકત જણાવી તેમજ અરજી ફોર્મમાં પોતાની જાત તથા માતાના નામમાં ફેરફાર કરી તેમજ પોતાની જન્મ તારીખ તા. ૧૯/૦૬/૧૯૭૨ તથા તા. ૨૮/૦૭/૧૯૭૧ એમ અલગ અલગ બતાવી જન્મ તારીખ અંગેના ખોટા દસ્તાવેજો ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ફરીયાદીની આઇ.સી.આઇ.સી.આઇ બેંકમાંથી બે ક્રેડિટ કાર્ડ મેળવી તેનો ઉપયોગ કરી રૂ૦ ૧,૯૨,૦૦૦/- ક્રેડિટ ઉપર મેળવી કુલ વ્યાજ સાથે રૂ૦ ૨,૪૧,૫૮૬/- નો ઉપયોગ કરી પરત નહી ભરી બેન્ક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત છેતરપિંડી કરી તેમજ "ફરીથી પૈસા લેવા આવશો તો હાથ પગ તોડી નાખીશ" તેવી સાહેદોને ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક. અમલદારે સેકન્ડ ગુના રજી.નં. ૧૧૧૭/૨૦૦૪ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઇ આવતા ધી ઇ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ મારા પૂર્વગામી ન્યાયાધીશે આ કામે આરોપી વિરૂધ્ધ આંક- ૪ થી તહોમતનામું ફરમાવી આરોપીની આંક- ૫ ની પ્લી નોંધતા આરોપીએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | મૌખિક તથા દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ જયેશ બળવંતભાઇ બારોટની જુબાની | ૧૨ |
| ૨ | સાહેદ ઇન્દલસિંહ કુશવાહની જુબાની | ૧૩ |
| ૩ | પંચનામું | ૧૪ |

| | | |
|---|---|---|
| ૪ | એફ.એસ.એલ. અધિકારી વાસુદેવભાઇ ભલાભાઇ ભરવાડની જુબાની | ૨૦ |
| ૫ | ત.ક.અધિકારીનો પત્ર સાથે રિપોર્ટ | ૨૧ |
| ૬ | માર્ક ડી –૧ થી ડી – ૧૦ | ૨૨ થી ૩૧ |
| ૭ | માર્ક એસ – ૧ થી એસ – ૬ | ૩૨ થી ૩૭ |
| ૮ | આઇ.સી.આઇ.સી.આઇ બેંકના ફોર્મસ | ૩૮ થી ૯૦ |
| ૯ | માર્ક એન – ૧ થી એન – ૫ | ૯૧ થી ૯૫ |
| ૧૦ | એફ.એસ.એલ. અધિકારીનો અભિપ્રાય | ૯૬ |
| ૧૧ | ટ્રાન્સફર પુરશીશ | ૧૦૦ |
| ૧૨ | ત.ક.અધિકારી લક્ષ્મણસિંહ સરતાનસિંહ બારીયાની જુબાની | ૧૦૧ |
| ૧૩ | ફરીયાદ | ૧૦૨ |
| ૧૪ | સી.આર.પી.સી.કલમ ૧૫૭ નો જાહેર રિપોર્ટ | ૧૦૩ |
| ૧૫ | પંચનામું | ૧૦૪ |
| ૧૬ | પંચનામું | ૧૦૫ |
| ૧૭ | એફ.એસ.એલ. નો પત્ર | ૧૦૬ |

(૪) ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાના આધારે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધતા આરોપીએ તમામ પુરાવો પોતાની હાજરીમાં અને પોતાના સાંભળતા લેવામાં આવેલ છે તે બાબત કબુલ રાખેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, ફરીયાદ ખોટી છે. તેઓની સામે બેંકના સ્ટાફે અદાવત રાખી ખોટી વિગતો ઉપજાવી કાઢી ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) ફરિયાદના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| −: મૂદ્દાઃ− | |
|---|---|
| ૧) | શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીની આઇ.સી.આઇ.સી.આઇ. બેંક સીકારવન ખાતેથી તા. ૧૩/૦૮/૨૦૦૧ તથા તા. ૧૧/૦૨/૨૦૦૪ ના રોજ અલગ અલગ અરજીઓ આપી પોતે અગાઉ ક્રેડિટ કાર્ડ ઘરાવતો હોવા છતાં ઘરાવતો નથી તેવી ખોટી હકીકત જણાવી તેમજ અરજી ફોર્મમાં પોતાની જાત તથા માતાના નામમાં ફેરફાર કરી તેમજ પોતાની જન્મ તારીખ તા. ૧૯/૦૬/૧૯૭૨ તથા તા. ૨૮/૦૭/૧૯૭૧ એમ અલગ અલગ બતાવી જન્મ તારીખ અંગેના ખોટા દસ્તાવેજો ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ફરીયાદીની આઇ.સી.આઇ.સી.આઇ બેંકમાંથી બે ક્રેડિટ કાર્ડ મેળવી તેનો ઉપયોગ કરી રૂ૦ ૧,૯૨,૦૦૦/− ક્રેડિટ ઉપર મેળવી કુલ વ્યાજ સાથે રૂ૦ ૨,૪૧,૫૮૬/− નો ઉપયોગ કરી પરત નહી ભરી બેન્ક સાથે ગુન્હાહિત વિશ્વાસઘાત છેતરપિંડી કરી તેમજ "ફરીથી પૈસા લેવા આવશો તો હાથ પગ તોડી નાખીશ" તેવી સાહેદોને ઘમકી આપી ગુનો ગુન્હો કર્યા અંગે ચાર્જશીટમાં જણાવ્યા મુજબ નોંધી ઘી ઇ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ − નકારમાં

મુદ્દા નં. ૨ − આખરી હુકમ મુજબ.

## // **કારણો** //

• આ કામે જયારે હાલના આરોપી સામે ફરીયાદી સાથે ઠગાઈ કરવાનો તથા ગુન્હાહિત વિશ્વાસઘાત કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬,૪૨૦ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે આ ગુન્હા કયારે બનેલા ગણાંય તે અંગે તે ગુન્હાઓના તત્વોની ચર્ચા કરતા પહેલા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૩ મા આપવામાં આવેલ અપ્રમાણીકપણે મીલકતની ઉચાપત તથા કલમ–૪૦૫ મા આપવામાં આવેલ ગુન્હાહિત વિશ્વાસઘાત (Criminal breach of trust) તથા કલમ–૪૧૫ મા આપવામા આવેલ ઠગાઈ (Cheating) ની વ્યાખ્યા ઘ્યાને લેવામા આવે તો, કોઈપણ વ્યકિત, અપ્રમાણીકપણે કોઈ જંગમ મીલકતની ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગ મા લે ત્યારે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૩ મુજબનો ગુન્હો બને છે. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા ઘ્યાને લેતા કોઈ મીલકત કોઈ વ્યકિતને સોપવામા આવી હોય અને તે મીલકતની તે વ્યકિત અપ્રમાણીકપણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમા લે અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુજીને લેવા દે તો ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ હોવાનું કહી શકાય. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૫ મા આપવામા આવેલ ઠગાઈની વ્યાખ્યા ઘ્યાને લેતા કોઈપણ વ્યકિત જયારે કોઈ અન્ય વ્યકિતને અપ્રમાણીકપણે અથવા કપટ પુર્વક કોઈ વ્યકિતને મીલકત સોપી આપવા માટે લલચાવે અને તેના કારણે અન્ય વ્યકિતને નુકશાન અથવા હાની થાય અથવા થવાનો સંભવ હોય તો 'ઠગાઈ' નો ગુન્હો બનેલ હોવાનું ગણાંય. આમ, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ માં આપવામા આવેલ ''ગુન્હાહિત વિશ્વાસઘાત''ના તત્વો તથા કલમ–૪૧૫ માં આપવામા આવેલ ''ઠગાઈ'' ના ઉપરોકત તત્વો ઘ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે ''ઠગાઈ'' ના ગુન્હામાં ઠગાઈ કરનાર વ્યકિત ભોગ બનનાર વ્યકિતને કપટ અથવા અપ્રમાણીક ઈરાદે લાલચ અને પ્રલોભન આપી છેતરે છે અને સોપવામાં આવતી મીલકત જે તે વ્યકિત છેતરાવાના કારણે સોપે છે અને તે ગુન્હામાં ભોગ બનનાર વ્યકિતને જે તે સમયે ગુન્હો બની રહયો છે તેની જાણ હોતી નથી. વધુમાં ઠગાઈના ગુન્હામાં કોઈપણ મિલકત ગેર રજુઆત અથવા કોઈ હકીકત છુપાવીને મેળવવામા આવે છે અને તેમા ઠગાઈ કરનાર વ્યકિતનો ઈરાદો પ્રથમથીજ અપ્રમાણીક તથા ભોગ બનનાર વ્યકિતને છેતરવાનો હોય છે. જયારે ''ગુન્હાહિત વિશ્વાસઘાત'' ના ગુન્હામાં ગુન્હો કરનાર વ્યકિત મિલકત આપવા માટે કોઈને છેતરતો નથી

પરંતુ તે વ્યકિતને કોઈપણ રીતે મિલકત કે મિલકત પરનો અધિકાર તેના પરના વિશ્વાસ કે તેની હેસીયતના કારણે સોપવામા આવે છે અને ત્યારબાદ જે તે વ્યકિત તેવી મિલકતની ઉચાપત કરે છે અથવા પોતાના ઉપયોગમા લે છે. આમ, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મા આપવામા આવેલ ''ગુન્હીહત વિશ્વાસઘાત'' ની વ્યાખ્યા તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૫ મા આપવામા આવેલ ''ઠગાઈ'' ની વ્યાખ્યા તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબના જે તે ગુન્હાના તત્વો ધ્યાને લેતા કાયદાની એ હકીકત પ્રસ્થાપિત છે કે ''ગુન્હાહિત વિશ્વાસઘાત'' તથા ''ઠગાઈ'' બંને અલગ ગુન્હા છે અને આ બન્ને ગુન્હા એકી સાથે એકજ મીલકત અંગે એકજ વ્યવહારમાં બની શકે નહી અને એકજ વ્યવહાર અંગે આ બન્નેમાંથી એકજ ગુન્હો શકય છે, અને તે રીતે આરોપીને એકજ વ્યવહાર માટે ''ગુન્હાહિત વિશ્વાસઘાત'' અને ''ઠગાઈ'' ના બન્ને ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી શકાય નહી.

ફરીયાદપક્ષે તહોમતદાર સામેનો ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬ હેઠળનો ગુન્હો સાબીત કરવા માટે સૌપ્રથમ એ હકિકત સાબીત કરવી પડે કે, શું તહોમતદારને કોઈ મીલકત કે મીલકત પરનો અધિકાર સોપેલ છે, તેમજ તહોમતદારએ અપ્ર માણીકપણે તે મીલકત અંગત ઉપયોગમાં લીધેલ કે મીલકતનો દુરઉપયોગ કે નીકાલ કરેલ છે, કે જાણી બુઝીને બીજી કોઈ વ્યકિતને મીલકતનો ઉપયોગ કે દુરઉપયોગ કરવા દીધેલ છે. જયારે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦ મુજબનો ગુન્હો સાબીત કરવા માટે ફરીયાદપક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે તોહમતદારએ ગેર રજુઆત કરીને પ્રથમથીજ કપટપુર્વક અથવા અપ્રમાણીક ઈરાદે ફરીયાદીને લલચાવી કોઈ મિલકત મેળવી લીધેલ અને તેનાથી મીલકત આપનારને નુકશાન અથવા હાની પહોંચેલ છે.

આ કામના આરોપીએ તહોમતનામાંમાં દર્શાવ્યા મુજબના ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦,૪૦૬ મુજબના ગુન્હા પૈકી કોઈ ગુન્હો કરેલ છે કે કેમ? તે અનુંસંધાને ફરીયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૦,૪૦૬ નો ગુન્હા સાબીત કરવા નીચે મુજબના તત્વો સાબીત કરવાના રહે છે.

<u>(એ) કલમ–૪૦૬ ના તત્વો</u> :–

૧. આરોપીને કોઈ મીલકત સોંપવામા આવી હતી,

૨. આરોપીનો તે મીલકત પર તે મુજબ અધીકાર હતો,

૩. આરોપીએ તે મીલકતની ઉચાપત કરી, અથવા તેને પોતાના ઉપયોગમા લીધી, અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમા જાણીબુજીને લેવા દીધી

૪. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ.

૫. આરોપીએ આવુ કૃત્ય અમલ કરવાની પધ્ધતિ દર્શાવતા કાનુની આદેશ વીરુધ્ધ કર્યુ, અથવા કોઈ ટ્રસ્ટની મીલકત હોય ત્યારે તે મીલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભીત કાનુની કરારના આદેશનુ ઉલ્લંઘન કરીને આરોપીએ આવુ કૃત્ય કર્યુ.

(બી) કલમ–૪૨૦ ના તત્વો

૧. આરોપીએ ફરીયાદી સાથે ઠગાઈ કરી,

૨. આરોપીએ આવુ કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ,

૩. આરોપીએ અપ્રમાણીકપણે છેતરાયેલી વ્યકિતને લલચાવીને કોઈ મિલકત આપી દેવા અથવા કોઈ કીંમતી જામીનગીરી અથવા સહી કે સિકકો કરેલી ચીજ જેને કીંમતી જામીનગીરીમાં પરિવર્તિત કરી શકાય તેવી વસ્તુ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આપી દેવા માટે ઠગાઈ કરી, અથવા

૪. આરોપીએ તેમા ફેરફાર કરવા અથવા તેનો નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને અપ્રમાણીકપણે લલચાવી.

આ કામે જયારે હાલના આરોપી સામે 'ઠગાઈ' કરવાનો તથા 'ગુન્હાહિત વિશ્વાસઘાત' કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૬,૪૨૦ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે, ત્યારે આ ગુન્હા કયારે બનેલા ગણાંય તે અંગે તે ગુન્હાઓના તત્વોની ચર્ચા કરતા પહેલા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મા આપવામાં આવેલ ''ગુન્હાહિત વિશ્વાસઘાત'' તથા કલમ–૪૧૫ મા આપવામા આવેલ ''ઠગાઈ'' ની વ્યાખ્યા ધ્યાને લેવામા આવે તો, ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાતની વ્યાખ્યા ધ્યાને લેતા કોઈ મીલકત કોઈ વ્યકિતને સોપવામા આવી હોય અને તે મીલકતની તે વ્યકિત અપ્રમાણીકપણે ઉચાપત કરે અથવા તેને પોતાના ઉપયોગમા લે અથવા અન્ય વ્યકિતને તેના ઉપયોગમાં જાણીબુજીને લેવા દે તો

ભારતીય દંડ સંહીતાની કલમ–૪૦૫ મુજબ ગુન્હાહિત વિશ્વાસઘાત કરેલ હોવાનું કહી શકાય. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૪૧૫ મા આપવામા આવેલ ઠગાઈની વ્યાખ્યા ધ્યાને લેતા કોઈપણ વ્યકિત જયારે કોઈ અન્ય વ્યકિતને અપ્રમાણીકપણે અથવા કપટ પુર્વક કોઈ વ્યકિતને મીલકત સોપી આપવા માટે લલચાવે અને તેના કારણે અન્ય વ્યકિતને નુકશાન અથવા હાની થાય અથવા થવાનો સંભવ હોય તો 'ઠગાઈ' નો ગુન્હો બનેલ હોવાનું ગણાંય.

વધુમાં ''અપ્રમાણીકપણે'' ની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની_કલમ–૨૪ માં આપવામાં આવેલ છે જે જોવામાં આવેતો,

**<u>કલમ–૨૪. ''અપ્રમાણીકપણે'' :–</u>**

'' કોઈ વ્યકિત, કોઈ વ્યકિતને સદોષ લાભ મેળવી આપવાનાં ઈરાદાથી અથવા કોઈ વ્યકિતને સદોષ હાની પહોંચાડવાના ઈરાદાથી કાંઈ કરે તો તેણે ' અપ્રમાણીકપણે' કર્યું છે, તેમ કહેવાય''.

હવે, ઉપરોકત વ્યાખ્યા સંદર્ભે ભારતીય દંડ સંહીતાની કલમ–૨૩ જોવામા આવે તો તેમા સદોષ લાભ અને સદોષ હાની તથા સદોષ મેળવવુ તથા સદોષ ગુમાવવુ તેની વ્યાખ્યા આપવામા આવેલ છે અને તે નીચે મુજબ છે.

**<u>કલમ–૨૩. 'સદોષ લાભ' / 'સદોષ હાનિ':–</u>**

' સદોષ લાભ' એટલે લાભ મેળવનાર વ્યકિતએ કાનૂની રીતે હકકદાર ન હોય તેવી મિલકતનો ગેરકાનૂની સાધનો દવારા મેળવેલ લાભ.

' સદોષ હાનિ' એટલે હાનિ પામનાર વ્યકિતએ કાનૂની રીતે હકકદાર હોય તે મિલકત માટે ગેરકાનૂની સાધનો દવારા ભોગવેલ હાનિ.''

**<u>'સદોષ મેળવવુ'/'સદોષ ગુમાવવુ:–</u>**

'' કોઈ વ્યકિત કોઈ વસ્તુ સદોષ મેળવે અથવા સદોષ રાખે ત્યારે તે વ્યકિતએ સદોષ લાભ મેળવ્યો કહેવાય. કોઈ વ્યકિતને કોઈ મિલકતમાંથી સદોષ બાકાત રાખવામા આવે અથવા સદોષ વંચિત કરવામાં આવે ત્યારે સદોષ હાનિ નીપજી કહેવાય.''

(૭) ઉપર મુજબની કાયદાની પરીસ્થીતી હોય, આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે, આ કામે ફરિયાદ પક્ષે સાહેદશ્રી ઈન્દલસિંહ કુશવાહ નાઓને આંક– ૧૩ થી સોગંદ ઉપર

તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ વર્ષ – ૨૦૦૩ થી ૨૦૦૮ સુધી આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં કલેકશન એકસીકયુટીવ તરીકે નોકરી કરતા હતા. જે તે સમયે કલેકશન મેનેજર અરૂણકુમાર, તેઓ તથા જયેશકુમાર હાલના આરોપી પાસે પૈસાની રિકવરી માટે ગયેલા. તેઓએ શું કહ્યું તે તેઓને ખ્યાલ નથી. આ અંગે અરૂણકુમારે પોલીસમાં ફરીયાદ નોંધાવેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલો. આમ, સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓ ફરિયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યાર બાદ સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉ.ત. નથી.

(૮) આ કામે ફરિયાદ પક્ષે સાહેદશ્રી જયેશ બળવંતભાઇ બારોટ નાઓને આંક – ૧૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ વર્ષ ૨૦૦૦ થી વર્ષ ૨૦૦૫ સુધી આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે તેઓ, તેમના મેનેજર અરૂણકુમાર, ઇન્દલસિંહ હાલના આરોપી પાસે પૈસાની રિકવરી માટે ગયેલા. તેઓની પેમેન્ટની બાબતમાં રકઝક ચાલતી હતી. આ બાબતે અરૂણભાઇએ પોલીસમાં ફરીયાદ નોંધાવેલ. પોલીસે તેઓનો જવાબ લીધેલો. આમ, સાહેદ ફરિયાદ હકીકતને સમર્થન કરેલ ન હોય તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરી તેઓ ફરિયાદ મુજબની હકીકતને સમર્થન કરતા નથી. ત્યાર બાદ સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉ.ત. નથી.

(૯) આ કામે ફરિયાદ પક્ષે સાહેદશ્રી વાસુદેવભાઇ ભલાભાઇ ભરવાડ નાઓને આંક – ૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ હેન્ડરાઇટીંગ એન્ડ ફોટોગ્રાફીક બ્યુરો, ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ ગુજરાત રાજય ગાંધીનગર ખાતેની કચેરીમાં આસિસટન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન ડોકયુમેન્ટ તરીકે ફરજ બજાવે છે. તેઓની શૈક્ષણિક લાયકાત એમ.એસ.સી. (કેમિસ્ટ્રી) બી.એડ. છે અને આ હોદ્દા ઉપર તેઓ તા. ૦૨/૦૨/૧૯૯૦ ના રોજ જોડાયેલ. ત્યારબાદ

તા. ૧૯/૧૧/૧૯૯૦ થી ૧૮/૦૫/૧૯૯૨ સુધી નવી દિલ્હી ખાતેની નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સ નામની સંસ્થામાં ડીપ્લોમા ઇન ડોકયુમેન્ટ એકઝામીનેશનની દોઢ વર્ષની તાલીમ મેળવીને સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. ત્યારબાદ તેઓની કચેરીમાં આવીને વધુ ચારેક મહિનાની તાલીમ મેળવીને દસ્તાવેજોનું પરીક્ષણ કાર્ય હાથ ધરેલ અને તેઓને સોંપવામાં આવતાં કેસોનું તેમાંના દસ્તાવેજોનું પરીક્ષણ સ્વતંત્ર રીતે કરી તે ઉપર અભિપ્રાય આપવાનું શરૂઆત કરેલ અને આજ સુધીમાં તેમણે ઘણી સંખ્યામાં દસ્તાવેજોનું પરિક્ષણ કરી તે ઉપર અભિપ્રાય આપેલ છે અને રાજયની નામદાર અદાલતોમાંથી સમંસ મળેથી તે અંગે જુબાનીઓ પણ આપેલ છે. તા. ૧૮/૦૧/૨૦૦૬ ના નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન – ૧ અમદાવાદ શહેરના રવાનગી પત્રથી નવરંગપુરા પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારીના પત્રથી તેઓની કચેરીમાં તપાસણી અર્થે દસ્તાવેજો મળેલા. તેઓની કચેરીમાં રવાનગી પત્ર સાથે ત.ક.શ્રીનું આ કેસ અંગેનો રિપોર્ટ મળેલો જે સંયુકત આંક – ૨૧ થી રજુ છે. તેઓને તપાસણીમાં જે દસ્તાવેજો મળેલા તેમાં તકરારી દસ્તાવેજ તરીકે માર્ક ડી – ૧ થી ડી – ૧૦ સુધીના હતા જેમાં એક આઇ.સી.આઇ.સી.આઇ બેંક ક્રેડિટ કાર્ડ માટેનું એપ્લીકેશન ફોર્મ જે બે પાનામાં હતું તેમાં ડી૧, ડી૨ તથા ડી૩ એ અંગ્રેજીમાં લખાણ હતું અને ડી૪ થી ડી૯ સુધીની અંગ્રેજીમાં સહીઓ હતી. આ સાથે એક પીળા કલરનો દસ્તાવેજ "ડીકલેરેશન બાય એપ્લીકાટ" હતો જેમાં એક તકરારી સહી અંગ્રેજીમાં હતી તેને માર્ક ડી૧૦ હતો. આ તમામ તકરારી લખાણ તથા સહીઓ તેઓએ માર્ક આપીને તપાસેલા છે. જેના ઉપર તેઓની કચેરીનો કેસ નંબર તથા તેમાં તેમણે તેમની ટૂંકી સહીઓ કરેલી છે. જે તકરારી માર્ક ડી૧ થી ડી૧૦ ને આંક – ૨૨ થી ૩૧ રજુ છે. ત્યારબાદ આ તકરારી દસ્તાવેજોમાંના લખાણ તથા સહીઓની સરખામણી માટે જે દસ્તાવેજો મોકલેલ હતાં તેમાં નમુનાની સહીઓ એક પાનામાં છે તે રીતે છ કાગળમાં ૩૬ સહીઓ આવેલ હતી જેને ક્રમશઃ માર્ક એસ૧ થી એસ૬ આપેલ હતાં. આ તમામ દસ્તાવેજોને તેઓએ તે રીતે જ એસ૧ થી એસ૬ સુધીના માર્કસ આપી તેઓની કચેરીનો કેસ નંબર એબી – ૩૨/૦૬ નોંધીને તે તમામ ઉપર તેમણે તેમની ટૂંકી સહી કરેલ છે જે આંક – ૩૨ થી ૩૭ રજુ છે. તેની સાથે નમુનાના લખાણ તથા સહીઓ માટે આઇ.સી.આઇ.સી.આઇ. બેંક ક્રેડિટ કાર્ડના ફોર્મસ કુલ – ૧૨ આવેલા જેમાં એસ૭ થી

એસ૫૯ સુધી નમુનાની સહીઓ  તથા લખાણ આવેલા. જે તમામને તેઓએ તે પ્રમાણે એસ૭ થી એસ૫૯ સુધીના માર્કસ આપી તેઓની કચેરીનો કેસ ક્રમાંક નોંધી તેમણે તેમની ટૂંકી સહી કરેલ છે. જે આંક – ૩૮ થી ૯૦ રજુ છે. આ સાથે કુદરતી દસ્તાવેજ તરીકે ઇન્કમટેક્ષ રીર્ટનનું એક ફોર્મ નં. ૨ – ડી જેમાં આગળ પાછળ અંગ્રેજીમાં લખાણ તથા સહી હતી. જેને માર્ક એન૧ થી એન૩ આપેલા તથા એક પ્લેન મોટા કાગળમાં આગળ પાછળ અંગ્રેજીમાં લખાણ લખેલું હતું. જેને માર્ક એન૪ તથા એન૫ આપેલા હતા. આ બંને દસ્તાવેજોને તેઓએ એ જ રીતે ક્રમશઃ એન૧ થી એન૫ માર્કસ આપીને તેમનો કેસ ક્રમાંક નોંધી તે ઉપર તેમની ટૂંકી સહી કરેલ છે. જે આંક – ૯૧ થી ૯૫ રજુ છે. આ તમામ તકરારી નમુનાનાં તેમજ કુદરતી લખાણ તથા સહીઓવાળા દસ્તાવેજોનું તેઓએ તેમની કચેરીમાં ઉપલ્બઘ વૈજ્ઞાનિક ઉપકરણો જેવા કે મેગ્નીફાઇન લેન્સીસ, માઇક્રિસ્કોપ તથા વી.એસ.સી. – ૫૦૦૦ વિગેરેની મદદ લઇને તેનું પરિક્ષણ કરેલું અને ત્યારબાદ વારંવાર આ તમામ દસ્તાવેજોનું સઘન પરિક્ષણ કરી તેઓ વચ્ચે જોવા મળતી સામ્યતાઓ તથા તફાવતો અંગેના વ્યકિતગત તેમજ વર્ગીક લક્ષણોની નોંઘ કરેલ અને તે પરથી તેમણે તેમનો અભિપ્રાય તૈયાર કરેલો. આ અભિપ્રાય તૈયાર કર્યા બાદ તે સમયના તેમના પેનલ એક્ષ્પર્ટ શ્રી કે.પી.વ્યાસ નાઓને આ તમામ દસ્તાવેજો પરીક્ષણ અર્થે સોંપેલા. અને તેમણે જે અભિપ્રાય તૈયાર કરેલ તે તેમણે તૈયાર કરેલા અભિપ્રાયને સુસંગત હોય તેમણે જે આખરી અભિપ્રાય તૈયાર કરેલો તેમાં તેમની સાથે શ્રી કે.પી.વ્યાસ નાઓએ પણ સહી કરેલ છે. જે અભિપ્રાયમાં તેમની સહી તેમનો હોદ્દાનો સિક્કો તથા તારીખ છે. જે અભિપ્રાય આંક – ૯૬ થી રજુ છે. તેમણે જે અભિપ્રાય આપેલો તે આ મુજબ છેઃ– (૧) લાલ કુંડાળા કરેલ તકરારી સહીઓ માર્ક ડી૪ થી ડી૧૦ એ પ્રમાણિત લખાણ તથા સહીઓ માર્ક એસ૧ થી એસ૫૯ અને એન૧ થી એન૫ કરનાર વ્યકિતએ કરેલી છે. (૨) લાલ કુંડાળા કરેલી તકરારી લખાણ માર્ક ડી૧ થી ડી૩ એ જે વ્યકિતએ પ્રમાણિત લખાણ તથા સહીઓ માર્ક એસ૧ થી એસ૫૯ અને એન૧ થી એન૫ લખેલ છે તે વ્યકિતએ કરેલ નથી. તેઓએ આંક – ૯૬ થી જે અભિપ્રાય આપેલ તે અભિપ્રાયના કારણો તેઓએ અભિપ્રાય સાથે રજુ કરેલા છે. તે અભિપ્રાયના કારણોના કુલ ચાર પાના છે. જે કારણો તેઓએ તા. ૨૧/૦૯/૨૦૦૭ ના રોજ આપેલ છે. અને દરેક પાને તેમની સહી છે. જે કારણો આંક – ૯૭ થી રજુ છે. ત્યારબાદ સદર

સાહેદની આરોપીના વિ.વ.શ્રી રસીક પટેલ દ્વારા ઉલટ તપાસ કરતાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે તેઓની પાસે જે કોઇ દસ્તાવેજો એફ.એસ.એલ. પરિક્ષણ માટે આવેલા તે દસ્તાવેજો તેઓએ વૈજ્ઞાનિક ઉપકરણોની મદદ સિવાય તેનું પરિક્ષણ કરેલું. એ વાત ખરી નથી કે, તેઓએ તેમના પૃથ્થકરણના રિપોર્ટમાં જે તફાવતો બતાવેલા છે તેવા કોઇ તફાવતો આ દસ્તાવેજોમાં જણાયેલા નહી. એ વાત ખરી નથી કે, પૃથ્થકરણનો રિપોર્ટ તેઓએ જાતે તૈયાર કરેલ નથી.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે સાહેદશ્રી લક્ષ્મણસિંહ સરતાનસિંહ બારીયા નાઓને આંક – ૧૦૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, ગઇ તા. ૦૩/૧૨/૨૦૦૪ ના રોજ તેઓ રૂબરૂ આ કામના ફરીયાદીએ એક ફરીયાદ હકીકત જાહેર કરેલ તે તેમના લખાવ્યા જણાવ્યા મુજબ લખી લીધેલ જે ફરીયાદ આંક – ૧૦૨ થી રજુ છે. સદર ફરીયાદની સ્ટે. ડાયરીમાં નોંધ કરી સી.આર.પી.સી. કલમ ૧૫૭ નો ગુનો જાહેર થયેલ તે અસલ રિપોર્ટ આંક – ૧૦૩ થી રજુ છે. ત્યારબાદ આ કામના ફરીયાદીએ તેઓ રૂબરૂ અલગ અલગ ફોર્મ રજુ કરતાં પંચનામાની વિગતે કબજે કરેલ જે પંચનામું આંક – ૧૦૪ થી રજુ છું. ત્યારબાદ આ કામના આરોપીને અટક કરી તેની ૩૬ સહીના નમુના લીધેલા જે પંચનામાની વિગતે લીધેલ જે આંક – ૧૦૫ થી રજુ છે. ત્યારબાદ સાહેદોનો જવાબ લીધેલો. આરોપીને પકડી અટક કરેલા. ત્યારબાદ સદર કામે તપાસ દરમ્યાન કબજે કરેલ દસ્તાવેજ પુરાવા એફ.એસ.એલ. માં મોકલેલ જે રિપોર્ટ આંક – ૧૦૨ થી રજુ છે. ત્યારબાદ આ કામે એફ.એસ.એલ. રિપોર્ટ આવતાં હાલના આરોપી વિરૂધ્ધ પુરતાં પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલું. આંક – ૯૬ વાળો એફ.એસ.એલ. રિપોર્ટ આવતાં તપાસનાં કામે સામેલ રાખેલ. ત્યારબાદ સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી એમ.આર.જયસ્વાલ દ્વારા ઉલટ તપાસ કરતાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે, તેઓ માત્ર સાક્ષીઓના નામ સરનામા લીધેલા કોઇ નિવેદન લીધેલ નહી. એ વાત ખરી નથી કે, માત્ર પંચોની સહીઓ લીધેલી. પંચનામાં જાતે લખી લીધેલાં. એ વાત ખરી નથી કે, પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

ફોજદારી કાર્યરીતીના સીધ્ધાંત પ્રમાણે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ કોઈ પણ જાતની શંકાને પર પુરવાર કરવાનો રહે છે અને જો શંકા રહેલી હોય, તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર રહે છે. આમ, ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરવામા આવેલ છે, તે પુરાવો ધ્યાને લેવામા આવે તો, ફરીયાદી તરફે સાહેદો જ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય ત્યારે તેમને ન માનવા માટે કોઇ જ કારણ નથી અને વધુ સાક્ષી તપાસવા માંગતા ન હોય તેવું જણાવતા હોય ત્યારે વધુ કોઇ સાક્ષી તપાસવામાં આવે તો પણ ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરી શકે તેમ નથી. આ કામના આરોપીએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરેલ હોવાનું ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાઓ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ ઉપરોકત હકીકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપી, મુદ્દા નં.ર નો જવાબ આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

(૧) આ કામના આરોપી શૈલેષભાઇ સાધુભાઇ જયસ્વાલ, રહેવાસી– સી – ૨૧, કૌશલ એપાર્ટમેન્ટ, શાહિબાગ, અમદાવાદને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ધી ઇ.પી.કો.કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭A મુજબ અપીલ સમય સુધીના સધ્ધર જામીન આપવાના રહેશે.

હુકમ આજ રોજ તા. ૨૦ માહે ઓગષ્ટ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૦ / ૦૮ /૨૦૧૯
અમદાવાદ

(નિરાલી ભુપેન્દ્રભાઇ મુનશી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
CODE NO. GJ00735